**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૬ ટકા

# સોમવતી અમાસે ત્રણ વ્રત અને તહેવારો

## આજે એવરત જીવરતનું વ્રત : દિવાસાના દિવસથી ૧૦૦મા દિવસે દેવદિવાળી





ગાંધીનગર, તા.૧૬

આ મહિને અમાસનો દિવસ ૧૭ જુલાઈ સોમવારના રોજ છે. આ વર્ષે અષાઢ માસની અમાસ સોમવારે આવી રહી છે. તેથી તેને સોમવતી અમાવસ્યા કહેવામાં આવશે. આ વખતે સોમવતી અમાસે ખૂબ જ દુર્લભ સંયોગ પુષ્કર યોગ બની રહ્યો છે. ધાર્મિક માન્યતા છે કે, સોમવતી અમાસના દિવસે તર્પણ કરવાથી પિતૃઓ પ્રસન્ન થાય છે. તેમની કૃપાથી વ્યક્તિને સુખ, સમૃદ્ધિ અને સંતાનસુખ પ્રાપ્ત થાય છે.

આ દિવસે ભગવાન શિવની આરાધના કરવાથી વ્યક્તિને દરેક પ્રકારનાં કાળ, કષ્ટ, દુઃખ, રોગ-વ્યાધિથી મુક્તિ મળે છે. તેથી, સોમવતી પર, ભક્તો પવિત્ર નદી અથવા તળાવમાં સ્નાન કરે છે અને ભગવાન મહાદેવ અને દેવી પાર્વતીની પૂજા કરે છે. અમાવાસ્યા ના દિવસે પીપળાના વૃક્ષની પૂજા કરવી શુભ માનવામાં આવે છે. આ દિવસે વહેતાં જળ પ્રવાહમાં અંજલિ અર્પણ કરવી લાભકારી માનવામાં આવે છે.

આ વર્ષે દૈનિક પંચાંગ અનુસાર અષાઢ વદ પક્ષની અમાવસ્યા તિથિ ૧૬ જુલાઈના રોજ ૧૦.૯ મિનિટથી બીજા દિવસે ૧૭ જુલાઈએ ૧૨.૦૨ મિનિટે રહેશે. ૧૭મીએ ઉદયા તિથિ હોવાથી ૧૭મી જુલાઈએ સોમવતી અમાવસ્યા વ્રત રાખવામાં આવશે. આ દિવસે પુષ્કર યોગ પણ છે. જ્યારે અમાવસ્યા તિથિ સોમવારે આવે છે, ત્યારે પુષ્કર યોગ બને છે. આ યોગથી સૂર્યગ્રહણના સ્નાન પછી કરેલા દાનના પુણ્ય સમાન ફળ આપે છે.

### પતિના દીર્ઘાયુ માટે આ વ્રત વિશેષ :

જીવનમાં માતા પોતાનાં સંતાનના આયુ-આરોગ્ય માટે પ્રાર્થના કરવામાં આવે છે. ભારતીય પરંપરામાં અષાઢી અમાસનું વિશેષ મહત્ત્વ સમજાવેલ છે. દિવાસાના દિવસથી સોમા દિવસે દેવદિવાળી આવે એવું આપણા પૂર્વ આચાર્ય સમજાવે છે.

### સોમવારે દિવાસો અને એવરત-જીવરત માતાનું વ્રત કરાશેઃ-

સોમવારે અષાઢ વદી અમાસ જેને હરિયાળી અમાસ કે દિવાસો કે દિવાસા તરીકે પણ ઓળખવામાં આવે છે સાથે આ જ દિવસે એવરત-જીવરત કરાશે. આ વ્રતમાં સૌભાગ્યવતી મહિલાઓ વ્રતધારી દ્વારા વહેલી સવારે ઊઠીને સ્નાન કરી ભગવાન સૂર્યને અર્ધ્ય આપી તાંબાના બે કળશમાં સ્નાન કરી શુદ્ધ જળ ભરવું. ઘરે પૂજાઘરમાં બે બાજોઠ પર લાલ કલરનું કપડું પાથરી તેના પર ઘઉંની ઢગલી કરવી તેના કળશ મૂકી નાડાછડી બાંધીને શ્રીફળ મૂકવા.તેની પર લાલ કલરની ચૂંદડી ઓઢાડીને શુદ્ધ ઘીનો દીવો કરી સહૃદયપૂર્વક પ્રાર્થના કરવી કે હે માતા, એવરત-જીવરત હું તમારા વ્રતનો પ્રારંભ કરું છું. મારા ઘરે પધારી મને ધન્ય કરો. ઘીના અખંડ દીવા સાથે આ દિવસે જાગરણ કરવું.

### ધાર્મિક દૃષ્ટિએ સોમવતી અમાસનું મહત્ત્વઃ

સોમવતી અમાસે સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના સૌભાગ્ય અને પરિવારની સુખાકારી માટે તેનું વ્રત વિધાન કરે છે જે પ્રાંતીય રિવાજ કે માર્ગદર્શન મુજબ કરવામાં આવે છે. જેમાં સવારે શિવમંદિરમાં જઈ શિવલિંગ પર જળાભિષેક કરે છે. માતા પાર્વતીનું પૂજન કરે છે, પીપળાના વૃક્ષને જળ વડે સિંચન કરતાં પ્રદક્ષિણા કરવામાં આવે છે અને પ્રાર્થના કરવામાં આવે છે. આ દિવસે માર્ગદર્શન મુજબ ઉપવાસ પણ કરવામાં આવે છે જેમાં કોઈ ફરાળ કે ફળાહાર લેવાનું પસંદ કરે છે તો કોઈ ફક્ત દૂધ લઈ પણ ઉપવાસ કરે છે. આ વ્રતને જો વધુ માર્ગદર્શન લઈને કરવામાં આવે તો પતિ અને પરિવારની સુખાકારીમાં વૃદ્ધિ થાય છે તેવી ધાર્મિક માન્યતા રહેલી છે.

### સનાતન ધર્મ પ્રમાણે મહત્ત્વ-

સનાતન ધર્મમાં સોમવતી અમાવસ્યા તિથિનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસે ભગવાન શિવની પૂજા કરવાથી સાધકને અક્ષય ફળ મળે છે. આ શુભ અવસર પર શિવ મંદિરોમાં વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવે છે. એવી ધાર્મિક માન્યતા છે કે, સોમવતી અમાવસ્યા ના દિવસે સ્નાન કરવાથી અને શાંતિથી ધ્યાન કરવાથી ગાયનું દાન કરવા સમાન પુણ્ય મળે છે.

## જન્મદિને વધામણી


ગોસ્વામી સંજયભારતી
યુવા કથાકાર
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦


નીર યોગેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩


તક્ષ ભરતકુમાર દેસાઈ
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮


ચેતનાબેન કલ્પેશકુમાર સાગર
મો. ૮૧૫૪૦ ૦૯૦૬૦


સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫


દિયા અલ્પેશકુમાર ભાવસાર
મો. ૯૪૨૯૦ ૨૮૮૪૮


જયમીન પંચાલ
મો. ૮૩૪૭૫ ૩૦૬૦૧


મિલનબેન કે વાળા
મો. ૯૬૬૪૮ ૭૮૯૨૭


તીતીક્ષા પટેલ


મફતલાલ એસ.પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮


હેલી દિલીપભાઈ કુચારા
મો. ૯૯૨૪૪ ૩૧૯૪૭

# અધિક માસમાં ગાંધીનગરને પૂજ્ય ગુરુમાના શિવમહિમ્નસ્તોત્રના સત્સંગનો અધિક લાભ મળશે

## ૨૨ થી ૩૦ જુલાઈ દરમિયાન દરરોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ ઉમિયા માતાજી સંસ્થાન, સે -૧૨ માં ભક્તિસત્ર-પ્રવચન

અધિક માસમાં ગાંધીનગરને પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના શિવમહિમ્નસ્તોત્રના સત્સંગનો અધિક લાભ મળશે. સમદર્શન આશ્રમ પરિવાર દ્વારા ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ના હૉલમાં તારીખ ૨૨ થી ૩૦ જુલાઈ ૨૦૨૩ દરમિયાન શિવમહિમ્નસ્તોત્ર-ભક્તિસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ દરમિયાન પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી શિવમહિમ્નસ્તોત્ર ના એક-એક શ્લોકનો મહિમા સમજાવતા પ્રવચન કરશે. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના સાક્ષાત સ્વરૂપ એવા પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી ગાંધીનગરના સેક્ટર-૧ માં, સમદર્શન આશ્રમમાં ૨૫ વર્ષોથી નિયમિત ગીતાજી અને ઉપનિષદનો સત્સંગ કરાવે છે. સત્સંગનું ૨૫મુ વર્ષ 'કૃપાપર્વ' તરીકે ઉજવાઈ રહ્યું છે. ત્યારે અધિક માસમાં ગાંધીનગરના



ધર્મપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં પૂજ્ય ગુરુમાના સત્સંગનો લાભ લઈ શકે એ હેતુથી સમદર્શન પરિવાર દ્વારા શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય ગુરુમાના શ્રીમુખેથી સત્સંગ લાભ અને પૂજ્ય ગુરુમાનું પાવન સાન્નિધ્ય સદભાગ્ય હોય તો જ સાંપડે.

ભગવાન શિવના ગુણો, મહત્વ અને મહિમાનું ગાન ગાતા શિવમહિમ્નસ્તોત્રનું શ્રવણ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે, અનંત શક્તિ પ્રાપ્ત થાય છે, સાંસારિક દુઃખોમાંથી મુક્તિ મળે છે અને જીવન આનંદમય બને છે. શિવમહિમ્નસ્તોત્રના શ્રવણથી ઉન્નતિ, સુખ, શાંતિ, આનંદ, સંતોષ, સફળતા અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. શિવમહિમ્નસ્તોત્ર અંતર્મનને શુદ્ધ કરે છે. ભક્તિ અને આધ્યાત્મિકતા ઉજાગર કરતા શિવમહિમ્નસ્તોત્રના શ્રવણનો લ્હાવો લેવા અને દિવ્યતાની અનુભૂતિ કરવા ૨૨ થી ૩૦ જુલાઈ દરમિયાન દરરોજ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨માં પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર કુડાસણ શાખા દ્વારા "પ્રથમ વિદ્યાર્થી સન્માન અને સ્નેહ મિલન" કાર્યક્રમ



સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર કુડાસણ શાખા દ્વારા "પ્રથમ વિદ્યાર્થી સન્માન અને સ્નેહ મિલન" કાર્યક્રમ તુલસી ફાર્મ, કુડાસણ ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મેયર તેજસ્વી તારલાઓનું સન્માન કરી વિદ્યાર્થી મિત્રોને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી તેમજ દીકરીનો ભણતરમાં આગળ વધારવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, કાઉન્સિલર ગૌરાંગભાઈ વ્યાસ, હેમાબેન ભટ્ટ, સંકેતભાઈ પંચાસરા, રાજુભાઈ પટેલ, સમાજ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સે ૧૪ ખાતે વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૧૬

ડૉ બાબા સાહેબ આંબેડકર ગાર્ડન સેક્ટર ૧૪ ખાતે બુથ નંબર ૧૫૮ ના પ્રમુખ ગાંધીનગર અને સાહિત્ય સેવા સંસ્થા ગુજરાતના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા બુથ ૧૫૩ ના ધર્મીષ્ઠા બેન જયંત ભાઈ ચૌહાણ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં વોર્ડ નંબર ૬ ના ભાજપના કાઉન્સિલર ભાવના બહેન વિક્રમ સિંહ ગોલ, ડૉ ગુલાબ ચંદ પટેલ, કાંતિભાઈ પટેલ , થિયોસોફિકલ સોસાયટી સરસ્વત લોજના એસોસીએટ સભ્ય ગિરીશ નીલગીરી, જ્યોતિબેન, સહ મંત્રી વિજયસિંહ માજીરાણા અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દેવર્ષિ રાજપૂત અને અન્ય કાર્યકરોએ મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કર્યું હતું.



જય અંબે પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા હરિદ્વાર ખાતે ઉમિયાધામ આશ્રમમાં યોજાનાર 'શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવ' ના માર્ગદર્શન અને શ્રોતા યાત્રીઓને કીટ વિતરણ માટે, ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ખાતે શુભેચ્છા બેઠક રાખવામાં આવી હતી. જેમાં કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, મહોત્સવના મુખ્ય પ્રાયોજક ગણપતભાઈ મંડા, મુખ્ય યજમાન અરવિંદભાઈ પટેલ અને મુખ્ય ભોજનદાતા કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા પ્રાસંગિક ક ઉદબોધન કરી સર્વે શ્રોતા યાત્રીઓ, આયોજકો અને સેવાભાવી યજમાનોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા બનાસકાંઠા જિલ્લાની સાધારણ સભાનું થરાદ ખાતે આયોજન



ગાંધીનગર, તા.૧૬

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા બનાસકાંઠા જિલ્લા ની સાધારણ સભાનું થરાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સાથે આશરો અંતર્ગત આરોગ્ય નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન થયું હતું. આ સાધારણ સભામાં ડૉ.બિપિનભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને ડામરાજી રાજગોરના માર્ગદર્શનમા પ્રદેશ પ્રતિનિધિ રાજ્યના મુખ્ય સંગઠક ડૉ અશ્વિનભાઈ ત્રિવેદી એડવોકેટની ઉપસ્થિતિમાં સર્વાનુમતે બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ તરીકે શ્રી ભગવાનભાઈ જોષી થરાદ અને જિલ્લાના મહામંત્રી તરીકે જયેશભાઈ દવેની વરણી કરવામાં આવી હતી. આ સાધારણ સભામાં જિલ્લાના ભાઈ ઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.હર્ષ ત્રિવેદી સહીતની ડોકટર ટીમ અને વિજયભાઈ સહિતની આશરો ટીમે સંકલન પૂર્ણ સુંદર આરોગ્ય કેમ્પ નું કાર્ય પરીપૂર્ણ કર્યું હતું.



રાજભવનમાં લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી નાં જન્મદિવસ નિમિત્તે આયોજીત રક્તદાન કેમ્પમાં ગાંધીનગરનાં પર્યાવરણપ્રેમી પરિવારનાં પ્રદીપ સોલંકી, તેઓનાં ધર્મપત્ની મનિષા જોષી તથા તેમનાં દિકરી ધ્રુવા શુકલા, જમાઈ ધ્રુવિન શુકલા તથા દિકરીના દિયર ક્રિષ્ના શુકલા એમ પાંચ સભ્ય દ્વારા રક્તદાન કરીને રક્તદાન કેમ્પનાં સેવાયજ્ઞમાં સહભાગી થઈને પ્રેરણારુપ બન્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ઓડ રૂખિબેન રણછોડભાઈ ઉ.વ.૭૪, પેથાપુર
- સ્વ.ભટ્ટ ઈન્દુમતીબેન અશોકકુમાર ઉ.વ.૭૩, ગાંધીનગર
- સ્વ.ઠાકોર દેવાભાઈ નથુભાઈ ઉ.વ.૬૬, ચરેડી છાપરાં
- સ્વ.રાવળ ધર્મેન્દ્ર ડાહયાભાઈ ઉ.વ.૩૦, સે-૧૪, ગોકુળપુરા
- સ્વ.પટેલ પ્રતિકકુમાર રામભાઈ ઉ.વ.૪૯, ગાંધીનગર
- સ્વ.મોદી જયંતિલાલ વિઠ્ઠલદાસ ઉ.વ.૮૩, ગાંધીનગર